# રાજ્યમાં કોરોના બેકાબુ, નવા ૯૨૫ કેસ

## કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૪૪ હજારને પાર, રાજ્યમાં ૧૦નાં મૃત્યુ સાથે કુલ મૃત્યુઆંક ૨૦૮૧ : ત્રીજા દિવસે આંકડો ૯૦૦ને પાર : કોરોનાના સુરતમાં ૨૩૬ નવા કેસ નોંધાયા

ગાંધીનગર,તા.૧૫
રાજ્યમાં સતત ત્રીજા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૯૦૦ને પાર નોંધાયો છે. આજે રાજ્યમાં ૯૩૪૦ ટેસ્ટ કોરોનાના કરવામાં આવતા ૯૨૫ કેસ પોઝિટિવ નોંધાયા હતા. આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો ૪૪ હજારને પાર થઈ ૪૪૬૪૮ કેસ નોંધાયા છે. રાજ્યમાં આજે કોરોનાના ૧૦ દર્દીઓના મોત થતા કુલ મૃત્યુઆંક ૨૦૮૧ થયો છે. રાજ્યમાં આજે ૭૯૧ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવતા કુલ ડિસ્ચાર્જ કરવાનો આંકડો ૩૧ હજારને પાર કરી ૩૧૩૪૬ થયો છે. રાજ્યમાં હાલની સ્થિતિએ ૧૧૨૨૧ એક્ટિવ કેસ છે. જેમાં ૬૮ વેન્ટીલેટર પર ૧૧૧૫૩ દર્દી સ્ટેબલ છે. રાજ્યમાં સતત ત્રણ દિવસથી કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૪૨ હજાર, ૪૩ હજાર અને ૪૪ હજારને પાર થયો છે. આરોગ્ય વિભાગ એક્ટિવ કેસોનો નિયંત્રણમાં રાખવા માટે વધુમાં વધુ દર્દીઓને ડિસ્ચાર્જ કરવાના પ્રયાસોમાં લાગેલી છે. આરોગ્ય વિભાગે આજે જાહેર કરેલ યાદીમાં જણાવ્યા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના લીધે ૧૦ મોત થયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૨, સુરત કોર્પોરેશનમાં ૪ અને ગ્રામ્યમાં ૧, ભાવનગર કોર્પોરેશનમાં ૧, નવસારીમાં ૧ અને ગાંધીનગરમાં ૧ મોત નોંધાયો છે. અમદાવાદ શહેરમાં ૧૫૯ અને ગ્રામ્યમાં ૧૪ સાથે કુલ ૧૭૩ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો અમદાવાદમાં ૨૩૫૯૯ થયો છે. જ્યારે વધુ ૨ મોત સાથે કુલ મૃત્યુઆંક ૧૫૨૭ થયો છે.

સુરત શહેરમાં આજે ૧૭૩ અને ગ્રામ્યમાં ૬૩ સાથે કુલ ૨૩૬ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે સુરતમાં કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૮૬૪૨ થયો છે. સુરતમાં આજે વધુ ૫ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૨૨૯ થયો છે. વડોદરા શહેરમાં ૬૧ અને ગ્રામ્યમાં ૧૬ સાથે કુલ ૭૭ કોરોના પોઝિટિવના કેસ નોંધાયા છે. ગાંધીનગર કોર્પોરેશનમાં ૮ અને ગ્રામ્યમાં ૨૨ સાથે કુલ ૩૦ કોરોના પોઝિટિવ નોંધાયા છે. આ સાથે ગાંધીનગરમાં કુલ સંક્રમિતનો આંકડો ૯૭૪ થયો છે. આજે વધુ ૧ દર્દીનું મોત થતા મૃત્યુઆંક ૩૭ થયો છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૩૫૯૯ | ૧૫૨૮ | ૧૮૪૩૯ |
| સુરત | ૮૬૪૨ | ૨૩૫ | ૫૪૩૭ |
| વડોદરા | ૩૨૭૯ | ૫૪ | ૨૪૫૦ |
| રાજકોટ | ૭૬૭ | ૧૭ | ૨૩૨ |
| ભાવનગર | ૭૪૮ | ૧૫ | ૨૩૩ |
| ગાંધીનગર | ૯૬૪ | ૩૭ | ૬૭૭ |
| કચ્છ | ૨૭૩ | ૦૭ | ૧૬૩ |
| મહેસાણા | ૪૯૯ | ૧૪ | ૨૧૩ |
| ગીર-સોમનાથ | ૧૪૯ | ૦૧ | ૫૩ |
| પોરબંદર | ૩૦ | ૦૨ | ૨૨ |
| પંચમહાલ | ૨૬૩ | ૧૬ | ૧૯૦ |
| પાટણ | ૩૦૪ | ૧૯ | ૨૧૫ |
| છોટાઉદેપુર | ૮૫ | ૦૨ | ૫૬ |
| જામનગર | ૩૯૩ | ૦૯ | ૨૦૩ |
| મોરબી | ૧૧૪ | ૦૪ | ૪૯ |
| સાબરકાંઠા | ૨૭૪ | ૦૮ | ૧૮૦ |
| આણંદ | ૩૨૫ | ૧૩ | ૨૭૯ |
| દાહોદ | ૧૮૩ | ૦૨ | ૬૦ |
| ભરૂચ | ૪૮૨ | ૧૧ | ૨૭૧ |
| બનાસકાંઠા | ૩૮૦ | ૧૫ | ૨૮૭ |
| ખેડા | ૩૬૮ | ૧૪ | ૨૧૮ |
| બોટાદ | ૧૨૯ | ૦૩ | ૮૬ |
| નર્મદા | ૧૧૮ | ૦૦ | ૯૬ |
| અરવલ્લી | ૨૫૬ | ૨૪ | ૨૧૬ |
| મહીસાગર | ૧૯૫ | ૦૨ | ૧૩૪ |
| નવસારી | ૨૮૮ | ૦૨ | ૧૫૬ |
| તાપી | ૫૩ | ૦૦ | ૩૨ |
| વલસાડ | ૩૭૫ | ૦૫ | ૧૫૭ |
| જૂનાગઢ | ૪૨૬ | ૦૭ | ૨૨૮ |
| સુરેન્દ્રનગર | ૩૮૦ | ૦૮ | ૧૪૪ |
| દેવભૂમિ દ્વારકા | ૨૯ | ૦૩ | ૨૩ |
| ડાંગ | ૦૭ | ૦૦ | ૦૪ |
| અમરેલી | ૧૯૪ | ૦૯ | ૯૦ |
| **કુલ** | **૪૪૬૪૮** | **૨૦૮૧** | **૩૧૩૪૬** |

## મુખ્યમંત્રી સહાયના નામે ડમી એકાઉન્ટ ખોલી કૌભાંડ

અમદાવાદ, તા. ૧૫
મુખ્યમંત્રી સહાયના નામે ડમી એકાઉન્ટ ખોલીને કૌભાંડ આચરવાનું નેટવર્ક લોકડાઉન બાદ સક્રિય થયું હોવાની શકાને પગલે માધવપુરા પોલીસ સ્ટેશનમાં અરજી સામે આવી હતી. મૂળ અમદાવાદના અને લોકડાઉન દરમિયાન ઓસ્ટ્રેલિયામાં રહેતા સીનિયર સિટિઝન મહિલાની જાણ બહાર બેંકમાં ખાતું ખુલ્યું અને સહાયની રકમ જમા થયા બાદ ઉપડી પણ ગઈ. શું આ કૌભાંડ પાછળ કોઈ નેટવર્ક છે આ સમગ્ર મામલે પોલીસે અરજીના આધારે તપાસ શરૂ કરી છે.

અમદાવાદના જાગૃત નાગરિક તરીકે આ સીનિયર સિટિઝને માધુપુરા પોલીસને જાણ કરી છે કે ગરીબ કલ્યાણ યોજનાના નામે સાયબર ગઠિયાઓ બારોબાર સહાય ઉપાડી રહ્યા છે. કેમ કે ફરીયાદીના મોબાઈલમાં સહાયમાં મળેલા એક હજાર રૂપિયા હાથમાં તો ના આવ્યા અને તેમની જાણ બહાર રાજસ્થાનમાં તેમના નામનું બેન્ક એકાઉન્ટ ખોલ્યું અને સહાયની રકમ બારોબાર ઉપડી ગઈ. વાત જાણે એમ છે કે લોકડાઉન દરમિયાન રાજ્ય સરકાર દ્વારા ગરીબ લોકોને સહાય માટે એક હજાર રૂપિયા બેંક એકાઉન્ટમાં આપવા માટે ગરીબ કલ્યાણ યોજના બનાવવામાં આવી અને આ યોજનાનો લાભ ખરેખર જરૂરિયાત મંદોને પહોંચે તે જરૂરી હતું. માટે રાશન કાર્ડ સહિતના તમામ દસ્તાવેજો અગાઉ ચકાસણી પણ કરવામાં આવી હતી.

તે દરમિયાન માધુપુરાના એક સીનિયર સિટિઝન સહાય ન જરૂરિયાત નહીં હોવાનું લેખિતમાં આપ્યું, તેમ છતાં પણ એકાદ મહિના બાદ મોબાઈલમાં મેસેજ આવ્યો કે ગરીબ કલ્યાણ યોજનાના સહાય પેટે તમારા ખાતામાં એક હજાર રૂપિયા જમા કરવામાં આવેલા છે. આ જોઈ સીનિયર સિટિઝન દીકરાને વાત કરી જોકે દીકરો પોલિટિકલ પાર્ટીનું કાર્યકર્તા હોય આ યોજનામાં કૌભાંડની શંકા ફરિયાદ કરવાનું નક્કી કર્યું હતું. મહત્વનું છે કે લોકડાઉન દરમિયાન સીનિયર સિટિઝન ઓસ્ટ્રેલિયામાં અટવાયું હતા. પરંતુ મોબાઈલમાં એક હજાર રૂપિયા સહાય પેટે જમા થયા હોવાની જાણ થતા કૌભાંડની શક્યતા લાગી અને એ બાબતે પોલીસમાં ફરિયાદ કરી હતી. જોકે પરિવારની વાત માનીએ તો પુરવઠા વિભાગના અધિકારીઓ સર્વે માટે ફ્લેટમાં અનેક જગ્યાએથી દસ્તાવેજો લઈ ગયા હતા અને સહાય ની જરૂરિયાત છે કે કેમ તે બાબતનું સર્વે પણ કર્યો હતો. પરંતુ અન્ય જરૂરીયાત મંદોને સહાયનાં રૂપિયા હજી સુધી નથી મળ્યા ત્યારે આ સુખી કુટુંબના ખાતામાં એક હજાર રૂપિયા જમા કેવી રીતે થયા? અને કોણ તેનો લાભ મેળવી ગયું? તે તપાસનો વિષય બન્યો છે. આ ઘટનાને પગલે સતર્કતા દાખવી પરિવારે તો પોલીસને જાણ કરી છે. પરંતુ સવાલ એ થાય છે કે સાયબર ગઠિયાઓ આવા બોગસ દસ્તાવેજોના આધારે અન્ય કેટલા ગરીબોની સહાય રકમ ચાઉં કરી ગયા હશે ? હાલ પોલીસે પણ આ બાબતે તપાસ શરૂ કરી છે ત્યારે તપાસના અંતે શું ખુલાસો સામે આવે છે તે જોવું રહ્યું.




### બાયડમાં બપોર પછી બજારો બંધ રહ્યા

બાયડમાં ગઈકાલે બાયડ નગરપાલિકામા વેપારી એસોસીએશનની બેઠક યોજાઇ હતી જેમાં તારીખ ૧૫ થી બપોર પછી દુકાનો બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો જ્યારે આજરોજ બપોર પછી સદંતર બજારો બંધ રહ્યા હતા.

## અરવલ્લીના ૧૯૭૯૬ લોકો હોમ કોરોન્ટાઈન પૂર્ણ કરી કોરોનાથી બચવા કટીબધ્ધ બન્યા

મોડાસા, તા. ૧૫
અરવલ્લી જિલ્લામાં કોરોનાનો વ્યાપ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં જોવા મળતા ૨૭૦ થી વધુ કેસ નોંધાયા છે. જેને લઈ જિલ્લા વહિવટીતંત્ર દ્વારા કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. તેની સાથે કોરોનાના દર્દીઓના સંપર્કમાં આવેલા હોય તેવા તેમજ બહારથી આવેલા લોકોને હોમ કોરોન્ટાઈન કરવામાં આવે છે. જિલ્લાના આવા ૧૯૭૯૬ પ્રવાસીઓ હોમ કોરોન્ટાઈન સમય પૂર્ણ કરી કોરોનાથી બચવા કટીબધ્ધ બન્યા છે.

કોરોના વાયરસ કોવિડ-૧૯ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે વહિવટીતંત્ર દ્વારા કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરી આ વિસ્તારોમાં ૨૮ દિવસ સુધી આરોગ્ય વિભાગ દ્વારા લોકોના ડોર ટુ ડોર સર્વે હાથ ધરવામાં આવ્યો છે અને તેમાંથી શંકાસ્પદ દર્દીઓને અલગ તારવ્યા તેની સાથે કોરોનાના દર્દીઓના સંપર્કમાં આવ્યા હોય તેવા લોકોને હોમ કોરોન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી. આરોગ્ય વિભાગની માર્ગદર્શિકા મુજબ અન્ય દેશ-રાજય કે જિલ્લામાંથી પ્રવાસ કરીને આવેલા હોય તેવા લોકોને ફરજીયાત હોમ કોરોન્ટાઈન રહેવુ જેથી કરીને કોરોનાનું સંક્રમણને અટકાવી શકાય જેને અરવલ્લીના ૧૯૭૯૬ અનુસરણ કરીને ૧૪ દિવસનો હોમ કોરોન્ટાઈન સમય પૂર્ણ કરી કોરોનાથી બચવા કટીબધ્ધ બન્યા છે.

જેમાં બાયડ તાલુકાના ૨૫૫૭, ભિલોડાના ૪૮૮૯, ધનસુરાના ૨૧૬૩, મેઘરજના ૨૫૧૪, માલપુરના ૨૧૭૯ અને મોડાસાના ૫૨૯૪ મળી કુલ ૧૯૭૯૬ લોકોને હોમ કોરોન્ટાઈનમાંથી મુક્તિ આપવામાં આવી છે.



### ભીલ પ્રદેશ મુક્તિ મોરચા ધ્વારા આવેદનપત્ર અપાયું

ગુજરાત,રાજસ્થાન,મધ્યપ્રદેશ,મહારાષ્ટ્ર રાજ્યમાં વસતા આદિવાસી સમાજની વર્ષો જુની અલગ ભીલ પ્રદેશ રાજ્યની માંગ સંતોષવા સંદર્ભે ભીલ પ્રદેશ મુક્તિ મોરચો, સાબરકાંઠા ધ્વારા ગુજરાત રાજ્યપાલ અને હિંમતનગર અધિક કલેક્ટરને આવેદનપત્ર અપાયું હતું. સાબરકાંઠા જીલ્લાના સામાજીક કાર્યકર અલ્પેશભાઈ વાઢેરાના જણાવ્યા મુજબ આદિવાસી સમાજની વર્ષો જુની અલગ ભીલ પ્રદેશ રાજ્યની માંગ સંતોષવા સંદર્ભે ભીલ પ્રદેશ મુક્તિ મોરચો,સાબરકાંઠા જીલ્લાના સામાજીક કાર્યકરો રાજેશભાઈ અસારી, દિપકભાઈ ગામેતી, હાર્દિકભાઈ ગામેતી, જીગરભાઈ અસારી, સંજયભાઈ અસારી, પ્રવિણભાઈ ખરાડી, દિપભાઈ ગામેતી, જગદીશભાઈ અસારી સહિત સામાજીક કાર્યકરો ધ્વારા આવેદનપત્ર અપાયું હતું.

### વ્યવસ્થા ઠપ્પ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાસ કરીને મિલ્કત જેની છે તેના નામે પણ હજુ કરવામાં આવી નથી. જુના વિસ્તારના પ્રશ્નો ઉકેલાયા નથી. જયારે નવો વિસ્તાર ઉમેરીને નવા પ્રશ્નો પણ ઉમેરાયા છે. આ સમસ્યાઓને યુધ્ધના ધોરણે ઉકેલવા માટે ત્વરિત કાર્યવાહી હાથ ધરાય તેવી માંગણી પણ શહેર વસાહત મહામંડળના મયુર વ્યાસ , કીશોર જીકાદરા, કશ્યપ મહેતા, પ્રદિપ સોલંકી સહીતના અગ્રણીઓએ કરી છે. કોર્પોરેશન દ્વારા ઓનલાઈન વેરા વસુલાત માટે નક્કર વ્યવસ્થા ગોઠવાય તે માટે પણ મહામંડળે રજુઆત કરી છે.

### પ્રવેશ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે શાળામાં પ્રવેશ પાત્ર બાળકો અંગે તંત્ર દ્વારા સર્વે કરવામાં આવ્યો ત્યારે ૬૧૦૦ જેટલા બાળકો જણાયા હતા. જેમાં ૩૦૯૧ કુમાર અને ૩૦૬૯ કન્યાઓ હતી.

કોરોના સંક્રમણની સ્થિતિને લઈ હજુ શાળાઓ શરૂ થઈ નથી પણ શૈક્ષણિક સત્ર આરંભાઈ ગયુ છે. રાજ્ય સરકાર દ્વારા પણ આર.ટી.ઈ.ની પ્રવેશ પ્રક્રિયા કેવી રીતે હાથ ધરાશે તે અંગેની ચોક્કસ વિગતો જાહેર કરી નથી.

### નવ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી રહી છે. આ મહિલા દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવેલ છે.

આ મહિલા દર્દીના પરિવારના ૪ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૨૪ માંથી છુટક શાકભાજીનો ધંધો કરતી એક ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તંત્ર દ્વારા સુપર સ્પ્રેડર ગણાતા આવા લોકોને હેલ્થ કાર્ડ પણ ઈસ્યુ કર્યા છે પરંતુ આ મહિલા ક્યારે અને ક્યાંથી સંક્રમિત થઈ તે અંગેની વિગતો તંત્ર દ્વારા એકત્ર કરવામાં આવી રહી છે.

આ દર્દીના પરિવારના ૭ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. સે. ૨-સી માં એક ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી તંત્રને લેખિત બાંહેધરી આપાતં તંત્રએ તે ગ્રાહ્ય રાખી છે.

આ દર્દીના પરિવારના અન્ય ૪ વ્યક્તીને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે. સે. ૧૪ માં આવેલ ગુજરાત હાઈસીંગ બોર્ડમાંથી એક ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ છે. આ દર્દીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૩-ડી માંથી અમદાવાદ શાહીબાગ ખાતે માર્કેટીંગનો બિઝનેશ કરતા એક ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૩-એ માં રહેતી અને રાંધેજાની ખાનગી સ્કૂલમાં શિક્ષિકા તરીકે સેવા આપતી ૩૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલાએ પણ હોમ આઈશોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ મહિલા દર્દીના પરિવારમાં ૫ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આજે નોંધાયેલા કેસોમાં પાંચ મહિલા દર્દી છે. આજે નોંધાયેલા નવ દર્દીઓમાં ૪ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જ્યારે બાકીના ૫ દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

તંત્રના જણાવ્યાનુસાર શહેરના નોંધાયેલા દર્દીઓ પૈકી ૯૫ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં હાલ ૩૬૦ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે.

### જોડાવાનો નથી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મંગળવારે કોંગ્રેસ પાર્ટીએ પાયલટની રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી પદેથી અને રાજસ્થાનના પ્રદેશ કોંગ્રેસ કમિટીના અધ્યક્ષ પદેથી હકાલપટ્ટી કરી દીધી હતી. પાર્ટીએ પાયલટની સાથે રમેશ મીણા અને વિશ્વેન્દ્ર સિંહને પણ મંત્રી પદેથી હટાવી દીધા હતા. નાયબ મુખ્યમંત્રી સચિન પાયલટ સહિત બે મંત્રીઓને પક્ષમાંથી હાંકી કઢાયા બાદ કોંગ્રેસ હવે પાયલટ તેમજ કેટલાક ધારાસભ્યોને અયોગ્ય ઠેરવવાની નોટિસ ફટકારશે. કોંગ્રેસ દ્વારા બોલાવવામાં આવેલી વિધાનસભા પક્ષની બેઠકમાં ગેરહાજર રહેવા બદલ કોંગ્રેસ તમામને અયોગ્ય ઠેરવવાની નોટિસ મોકલશે તેમ પક્ષના એક અગ્રણી નેતાએ જણાવ્યું છે.

રાજસ્થાનમાં રાજકીય ખેંચતાણને લઈને ગેહલોત અને સચિન પાયલોટ જૂથમાં ફાંટા પડી ગયા છે. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના મહાસચિવ અવિનાશ પાંડેએ બુધવારે જણાવ્યું કે, વિધાનસભા પક્ષની બેઠકમાં ગેરહાજર રહેલા સચિન પાયલટ સહિતના ધારાસભ્યોને અયોગ્ય ઠેરવવા માટેની નોટિસ મોકલવામાં આવશે. કોંગ્રેસ દ્વારા ગૃહના અધ્યક્ષ સમક્ષ આવા ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા માટે પીટિશન પણ ફાઈલ કરી દેવામાં આવી છે. જો ધારાસભ્યો દ્વારા કોઈ સંતોષકારક જવાબ નહીં મળે તો સ્પીકર તેમના ભાવિ અંગે નિર્ણય કરશે. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસની વિધાનસભા પક્ષની બેઠકમાં સચિન પાયલટ સહિત ૧૯ ધારાસભ્યો ગેરહાજર રહ્યા હતા.

### મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલુ

દોષ અસત્યોમાંથી પરમ સત્યે જવાની આપણી તૈયારી હોતી નથી. તેનું એક પરિણામ એ આવ્યું કે ધર્મગ્રંથો જેટલા જૂના હોય તેટલા વધારે પૂજ્ય ગણાય છે. વિજ્ઞાનમાં જૂના ગ્રંથોને, જૂની માન્યતાઓને, જૂના ખયાલોને ફગાવી દેવામાં આવે છે. વિજ્ઞાનશાસ્ત્રીઓમાં પોતાના પગ પર ઊભા રહેવાની તૈયારી અને હિંમત હોય છે. ધર્મના આગેવાનો પરાવલંબી હોય છે. બીજાઓ, આપણા પૂર્વજો, આપણા વડીલો જે કહે અને કરે તે જ સાચું ગણાય છે. પૂર્વજોનો આદર કરીએ અને આગળ વધીએ. ગાંધીજી હંમેશા કહેતા કે પરંપરાઓ નદીના પ્રવાહ જેવી હોય છે તેમાં ઉપરથી તરીએ તો ધારેલા સ્થળે પહોંચી શકાય, પણ તેમાં ઊંડા ખૂંપી જઈએ તો મરી જવાય. વિજ્ઞાન જેમ પોતાની જાતને સતત ચકાસ્યા કરે છે, ફંફોસ્યા કરે છે તેમ ધર્મમાં થતું નથી. વિજ્ઞાન અગાઉની પરંપરાની કેડીએ આગળ ને આગળ ચાલે છે. ધર્મ પરંપરાની કેડીએ અવળા મોઢે ચાલે છે અને તેથી દુનિયાના તમામ ધર્મો આજે તંદુરસ્ત હાલતમાં જીવતા નથી. માણસ મરી જાય પણ તેના હાડપિંજરો સદીઓની સદીઓ સુધી ટકે છે. પયગંબરોએ સર્જેલા ધર્મદેહને આપણે હાડપિંજર બનાવી દીધો છે.

ઉપરનો લેખ સંઘવીના મૃત્યુ પામ્યા તે દિવસે એટલે કે ગયા રવિવારે દિવ્ય ભાસકરની પૂર્તિમાં છપાયો છે. ગઈકાલ તા-૧૪/૦૭/૨૦૨૦ના રોજ બુધવારની કળશ પૂર્તિમાં પણ ''આ તડ અને આ ફડ'' કોલમ હેઠળ ચીનની પીછેહઠ અંગેનો લેખ છપાયો છે. જે સામયિકોમાં તેમણે લેખ મોકલ્યા હશે એ તો મૃત્યુના અનેક દિવસો પછી પણ છપાશે. આટલું સારું આયોજન શ્રી બકુલ ત્રિપાઠી કરતા હતા. અમારા જેવા તો લેખ મોકલવાના છેલ્લા દિવસના છેલ્લા કલાકોમાં હજુ વિષય શોધતા હોઈએ છીએ. તેની સામે શ્રી સંઘવીદાદા જેવા સર્જકો કેટલા નિયમિત અને ચોક્કસ હતા તે સમજી શકાય છે. આવાં લખાણો લખનાર શ્રી નગીનદાસ સંઘવીને શત શત પ્રણામ. તેઓ નાસ્તિક હતા એટલે તેમના આત્માને શાંતિ મળે એવું આપણે કહીશું તો એમને નહીં ગમે. પરંતુ એમના લખાણો વાંચીને આપણો આત્મા સાવ શાંત રહી શકશે નહીં. એ જ એમના જીવનની સિધ્ધિ છે.

### ધોધમાર વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠેર પાણી ભરાઈ ગયા હતા. સે-૪ સહિત શહેરમાં અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થયા હતા જયારે સરગાસણ પાસે વૃક્ષ જમીનદોસ્ત થતા માર્ગ વચાળે આડશ બનેલા વૃક્ષના લીધે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. વિજ ચમકારા અને વાદળ ગર્જના વચ્ચે વરસાદી નઝારો નિખર્યો હતો. ભારે વરસાદી ઝાપટાથી સેકટરોમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. જો કે થોડીવારમાં વરસાદ અટકી ગયુ હતુ. પરંતુ ભારે ઝાપટાના લીધે નગરનો નઝારો બદલાયો હતો. સેકટરોમાં વરસાદી પાણી ભરાઈ જતા નાગરિકો પણ વરસાદી ઠંડકમાં ટહેલવા નિકળી પડયા હતા. જો કે વરસાદ બંધ થઈ ગયા બાદ પણ વાદળ ગર્જના અને વિજચમકારો સતત ચાલુ રહ્યો હતો. શહેરમાં સિઝનનો અત્યાર સુધી ૯ ઈંચ વરસાદ નોંધાયો હતો. જયારે બુધવારે સાંજે વધુ અડધો ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાનુ અનુમાન છે. આગામી બે ત્રણ દિવસ હજુ પણ ભારે વરસાદ વરસે તેવી સંભાવના છે.

### હિસ્સો હતા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટેકેલા મંત્રી, ધારાસભ્યો વિરુદ્ધ લેવામાં આવેલી કડક કાર્યવાહીની જાણકારી આપી. રાજસ્થાનના મુખ્ય પ્રધાન અશોક ગેહલોતે રાજ્યપાલ કલરાજ મિશ્રાને ૧૦૪ ધારાસભ્યોની સૂચિ સોંપી છે. આ પહેલા રાજસ્થાનના રાજ્યપાલે સીએમના સચિન પાયલોટને ડેપ્યુટી સીએમ પદ પરથી હટાવવાના પ્રસ્તાવને સ્વીકાર્યો હતો. વિશ્વવેન્દ્રસિંહ અને રમેશ મીનાને મંત્રીપદથી હટાવી દેવામાં આવ્યા છે, જ્યારે પાયલોટને પણ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ પદ પરથી હટાવવામાં આવ્યા છે. ૧૬ જુલાઈએ સીએમ ગેહલોતે રાજ્યપાલ કલરાજ મિશ્રાને કેબિનેટ ફેરબદલ વિશે માહિતગાર કર્યા. મીડિયા માણસો સાથે વાત કરતા ગેહલોતે કહ્યું કે, 'સચિન પાયલોટના હાથમાં કંઈ નથી. તે ભાજપના હાથમાં રમી રહ્યો છે, જે તમામ વ્યવસ્થા કરી રહી છે. ધારાસભ્યોની ખરીદી-વેચાણથી મને ખૂબ દુ .ખ થયું છે. આ પહેલીવાર છે જ્યારે દેશમાં લોકશાહી આવા ગંભીર જોખમમાં છે. 'પત્રકારો સમક્ષ અશોક ગેહલોતે કેટલાક મુદ્દા રજૂ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, આપણા કેટલાક સાથીઓ ખૂબ મહત્વાકાંક્ષી બનીને હોર્સ ટ્રેડિંગ કરતાભાજપની ઝાળમાં ફસાઈ ગયા હતા.

### સંભાવના...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ઉપરાંત પ્લાન બી તરીકે હિમાચલના ધર્મશાળામાં કેમ્પ લગાવી શકાય છે. જોકે ટ્રાવેલ અને સામાન પહોંચાડવાની સમસ્યા વચ્ચે આ પ્લાનને પણ હોલ્ડ પર રાખવામાં આવ્યો છે. સૂત્રએ જણાવ્યું કે, અન્ય એક બાબત ધ્યાનમાં લેવા જેવી છે કે જોઁ ˜ યોજાય છે તો ખેલાડીઓએ ટૂર્નામેન્ટના ૨૧ દિવસ પહેલા ફ્રેન્ચાઈઝીને રિપોર્ટ કરવાનું રહેશે. એવામાં સેન્ટ્રલ કેમ્પ માત્ર ઔપચારિકતા બની જાય છે. મ્ઝઝૈં માટે કેમ્પને આગળ ખસેડવો તે જ માત્ર એક ચિંતા નથી. બોર્ડને મોટી આવક કરવર્તીઁ ˜ આ વર્ષે યોજાવાની છે જેમાં સ્ટેડિયમમાં દર્શકો નહીં હોય. માત્ર ટીવી ઓડિયન્સ માટે યોજાનારી આ ટૂર્નામેન્ટથી ભારતની ઓસ્ટ્રેલિયા ટૂરને પણ અસર થશે. સૂત્ર મુજબ, ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ જાહેર કરેલા હાલના શિડ્યૂલમાં ૩ ડિસેમ્બરથી ભારત સાથે પહેલી ટેસ્ટ શરૂ થવાની છે. ટેસ્ટ પહેલા ત્રણ ટી-૨૦ મેચોની એક સીરિઝ પણ રમાવાની છે. ટેસ્ટ બાદ ત્રણ વન-ડે મેચોની સીરિઝ છે.

### લોન્ચ કરશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

રિલાયન્સની આજની એજીએમમાં નવા ઈનોવેશન જિયો ગ્લાસનું લોન્ચિંગ કરવામાં આવ્યું. આને ફોન સાથે કનેક્ટક કરી ઈન્ટરનેટથી જોડી શકાય છે. આ એક ચશ્મા છે. રિલાયન્સના આ પ્રોડક્ટમાં ઓડિયો, ૨ડી અને ૩ડી વીડિયો ચેટિંગની સુવિધા મળશે. સાથે જ રિલાયન્સે એવો દાવો પણ કર્યો છે કે જિયો મીટ ભારતની સૌથી સુરક્ષિત વર્ચુઅલ મીટિંગ એપ છે.

આ સિવાય મુકેશ અંબાણીએ કહ્યું કે આપણે ભારતના સૌથી મોટા નિકાસકાર અને ખાનગી ક્ષેત્રના સૌથી મોટા ટેક્સપેયર્સ છીએ. જીએસટી અને વેટ અને ખાનગી ક્ષેત્રોમાં ઈનકમ ટેક્સના પણ આપણે સૌથી મોટા યોગદાન કરનારા છીએ. મુકેશ અંબાણીએ કહ્યું કે આપણે આ વખતે વીડિયો કોન્ફ્રેન્સિંગ અને અન્ય ઓડિયો-વિઝ્યુલના માધ્યમથી આ એજીએમ કરી રહ્યા છીએ. જે કોર્પોરેટ મામલાના મંત્રાલયના સર્કુલરના મુજબ છે.

એજીએમ દરમિયાન બુધવારે કારોબાર દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં લગભગ ૩ ટકાની તેજી જોવા મળી અને શેર ભાવ ૧૯૭૫ રૂપિયાના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયો. આ પહેલા મંગળવારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો શેર દબાણમાં હતો. માર્કેટ કેપની વાત કરીએ તો ૧૨ લાખ ૪૫ હજાર કરોડ રૂપિયાના સ્તરે છે. આ પહેલી ભારતીય કંપની છે જે આ સ્તરે પહોંચી છે. કોરોના કાળમાં પણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને એક પછી એક મોટી સફળતાઓ મળી. રિલાયન્સ જિયો પ્લેટફોર્મને વૈશ્વિક સ્તરે ૧ લાખ કરોડથી વધુ રોકાણ મળી ચૂક્યું છે. આ રોકાણકારોમાં ફેસબુક જેવી કંપનીએ પણ શામેલ છે.

### પરીક્ષણને મંજુરી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેડિલા હેલ્થકેર લિમિટેડ દ્વારા તૈયાર કરવામાં આવી છે. આઈસીએમઆરના ડાયરેક્ટર ડોક્ટર બલરામ ભાર્ગવે એક પ્રેસ બ્રીફિંગમાં કહ્યું કે ભારતમાં વિકસાવવામાં આવેલી બે રસીઓનું ઉંદરો અને સસલાઓમાં સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ અંગેની માહિતી અમે ડીસીજીઆઈને સોંપી હતી ત્યારબાદ તેમણે આ બંને રસીઓને આ મહિનાના શરૂઆતી તબક્કામાં માનવ પરીક્ષણ કરવા માટેની પરવાનગી મળી હતી.